

**Cadaver Organ Donor Gajaraben Halpati**

### ब्रेन हैमरेज के बाद नवसारी जिले की महिला को घोषित किया था ब्रेन डेड

# अंगदान से तीन को मिली नई जिंदगी

पत्रिका न्यूज़ नेटवर्क
patrika.com

**सूरत.** नवसारी जिले के ईटालवा गांव में ढोली फलिया निवासी एक महिला को ब्रेन डेड घोषित किए जाने के बाद अंगदान से तीन जनों को नई जिंदगी मिली है। चक्षुओं का दान न्यू सिविल अस्पताल के चिकित्सकों ने स्वीकार किया।



गजरा भाणा हलपति (55) नाम की यह महिला 20 अगस्त की सुबह बाथरूम में बेहोश हो गई थी। परिजन उसे नवसारी सिविल अस्पताल ले गए। वहां से उसे सूरत न्यू सिविल अस्पताल रैफर कर दिया गया। यहां सर्जरी विभाग के डॉ. दिव्यांग दवे ने सीटी स्कैन रिपोर्ट करवाई, जिसमें दिमाग की नस फटने की जानकारी मिली। न्यूरो फिजिशियन और न्यूरो सर्जन चिकित्सकों ने उसे 24 अगस्त को ब्रेन डेड घोषित कर दिया। डोनेट लाइफ के प्रमुख नीलेश मांडलेवाला ने उसके परिजनों को अंगदान के बारे में समझाया। परिजनों से सहमति मिलने के बाद उन्होंने अहमदाबाद आईकेडीआरसी की डॉ. प्रांजल मोदी से किडनी और लीवर का दान स्वीकारने के लिए बात की। डॉ. विकास पटेल की टीम सूरत पहुंची और किडनी तथा लीवर का दान स्वीकार किया। एक किडनी छत्तीसगढ़ के रायपुर जिला निवासी छोटू गोविंद पटेल (33) और दूसरी महाराष्ट्र निवासी रेखा लालचंद गुप्ता (38) में ट्रांसप्लांट की गई। लीवर अहमदाबाद निवासी मोनिका अनिल शिवलानी (39) में ट्रांसप्लांट किया गया। सूरत और दक्षिण गुजरात में अब तक डोनेट लाइफ ने 221 किडनी, 88 लीवर, 6 पेन्क्रीयाज, 14 हृदय और 186 चक्षुओं का दान लेकर 512 जनों को नई जिंदगी दी है।

# हलपति समाज की महिला की किडनी, लिवर और आंख से 5 को मिला नया जीवन

हेल्थ रिपोर्टर | सूरत

हलपति समाज की ब्रेनडेड महिला ने पांच लोगों को नया जीवन दिया है। महिला की किडनी, लिवर और आंखों को उनके परिजनों ने दान कर दिया था। उनकी एक किडनी छत्तीसगढ़ के रायपुर निवासी छोटू गोविंद पटेल (33) को, जबकि दूसरी महाराष्ट्र के ठाणे की निवासी रेखा लालचंद्र गुप्ता को दी गई। लिवर अहमदाबाद के निवासी मोनिका अनिल को ट्रांसप्लांट किया गया, जबकि आंखें अहमदाबाद के सिविल अस्पताल को दे दी गई।

**गिरने से हो गईं थीं ब्रेनडेड:** नवसारी के इटालवा डोजी फलिया की निवासी 55 वर्षीय गजराबेन हलपति 20 अगस्त को टॉयलेट में गिर गईं थीं। उन्हें नवसारी के प्राथमिक स्वास्थ्य केंद्र में भर्ती किया गया था। वहां हालत ज्यादा खराब हो गई, तो सूरत के सिविल अस्पताल रेफर कर दिया, जहां 24 अगस्त को न्यूरो फिजिशियन और न्यूरो सर्जन ने उन्हें ब्रेनडेड घोषित कर दिया। गजराबेन के परिजनों ने उनका अंगदान करने की बात कही तो डोनेट लाइफ संस्था के प्रमुख नीलेश मांडलेवाला की मदद से उनका अंगदान कर दिया गया।



गजराबेन के परिजनों के अंतिम दर्शन के बाद अंगदान किए।



# હળપતિના પરિવારે બ્રેઈન ડેડ મહિલાનું અંગદાન કરી માનવતાની મહેક પ્રસરાવી

સુરત તા. ૨૫

નવસારી જિલ્લાના ઉંટાળવાના ટેકરી ફળિયામાં રહેતા હળપતિ પરિવારે બ્રેઈન ડેડ મહિલાનું અંગદાન કરી માનવતાની મહેક પ્રસરાવવા સાથે પાંચ વ્યક્તિઓને નવજીવન અને નવી રોશની આપી હતી.

આ અંગેની મળતી વિગતો અનુસાર ઉંટાળવાના બાબાભાઈ નાગરભાઈ હળપતિના પત્ની ગજરાબેન (ઉ. વ. ૫૫) ૨૦ ઓગસ્ટે સવારે ૧૧:૦૦ કલાકે બાથરૂમ ગયા ત્યારે ઉલટી થયા બાદ બેભાન થઈ ગયા હતા. તેમને નવસારીની સિવિલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ સુરત નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેમના સિટી સ્કેન રિપોર્ટમાં મગજની નસો ફાટી ગઈ હોવાનું નિદાન થયું હતું. ૨૪ ઓગસ્ટે તેમને બ્રેઈન ડેડ જાહેર કરાયા હતા.

સિવિલના સર્જરી વિભાગના ડૉ. નિલેશ કાછડિયાએ ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો સંપર્ક કરી ગજરાબેનના બ્રેઈન ડેડ અંગેની માહિતી આપવામાં આવતા ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી ગજરાબેનના પુત્ર સંજય, જમાઈ ભગવાનભાઈ અને બીપીનભાઈ, દિયર મોહનભાઈ તેમજ પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવતા પરિવારે અંગદાન માટે સંમતી આપી હતી.

દાનમાં મેળવવામાં આવેલી ગજરાબેનની એક કિડની રાયપુર છત્તીસગઢના છોટુ ગોવિંદ પટેલ (ઉ. વ. ૩૩)માં અને બીજી કિડની થાણે, મહારાષ્ટ્રની રેખા લાલચંદભાઈ ગુપ્તા (ઉ. વ. ૩૮)માં અને લિવર અમદાવાદના મોનીકા અનિલભાઈ શીવદાની (ઉ. વ. ૩૯)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૨૨૧ કિડની, ૮૮ લીવર, ૯ પેન્ક્રીઆસ, ૧૪ હૃદય અને ૧૮૯ ચક્ષુઓનો દાન મેળવીને ૫૧૨ વ્યક્તિઓને નવજીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મેળવી છે.

## કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરી પાંચ વ્યક્તિઓને નવજીવન અને નવી રોશની આપી

# મગજની નસો ફાટી જવાથી બ્રેઇન ડેડ જાહેર કરાયેલી નવસારીની મહિલાના અંગોનું દાન



**ગજરાબેન** હળપતિને બાથરૂમમાં ઉલ્ટી થતા નવસારી બાદ સુરત સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા : બે કિડની, એક લિવર અને બે ચક્ષુઓનું દાન પરિવાર દ્વારા કરાયું

સુરત: નવસારીના ઇંટાળવા ગામે બાથરૂમમાં ઉલ્ટી થયા બાદ બેભાન અને બ્રેઇનડેડ જાહેર કરાયેલી મહિલાના અંગોનું દાન કરવામાં આવ્યું હતું. આ મહિલાના અંગદાનથી પાંચ વ્યક્તિઓને નવજીવન અને નવી રોશની મળી છે.

નવસારી જિલ્લાના ઇંટાળવા ગામે ટેકરી ફળિયામાં રહેતા ખેત મજૂર ગજરાબેન ભાણાભાઇ હળપતિ ગત તા. ૨૦મી ઓગષ્ટના રોજ સવારે ૧૧ કલાકે બાથરૂમ ગયા હતા. તેમને ઉલ્ટીઓ થતા તેઓ ત્યાં જ બેભાન થયા હતા. તેથી તેમને તાત્કાલિક નવસારી સિવિલ બાદ વધુ સારવાર અર્થે સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સિટી સ્કેન કરવામાં આવતા મગજની નસો ફાટી જવા પામી હતી. જેથી તેની ડૉ. દિવ્યાંગ દવેની આગેવાની હેઠળ સારવાર શરૂ કરવામાં આવી હતી. પરંતુ ગુરૂવારે ન્યૂરોફિઝિશ્યન ડૉ. પરેશ ઝાંઝમેરા, ન્યુરોસર્જન ડૉ. મેહુલ મોદી દ્વારા ગજરાબેનને બ્રેઇનડેડ જાહેર કરવામાં આવ્યા હતા. આ દરમિયાન ડોનેટ લાઇફના પ્રમુખ નિલેશ માંડલેવાલાને જાણ કરાતા તેઓ પણ પોતાની ટીમ સાથે સિવિલ હોસ્પિટલ પહોંચી ગયા હતા અને ગજરાબેનના પરિવારને સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જેથી પરિવાર પણ સંમત થઇ જતા તેઓની બે કિડની અને એક લીવર અને બે ચક્ષુઓનું દાન કરવામાં આવ્યું હતું. બે કિડની પૈકીની એક કિડની રાયપુર છત્તીસગઢના રહેવાસી છોટુ ગોવિંદ પટેલ (ઉ.વ. ૩૩) અને બીજી કિડની મહારાષ્ટ્રના વાશીના વતની રેખા વાલચંદભાઇ ગુપ્તા (ઉ.વ. ૩૮) અને લિવર અમદાવાદના રહેવાસી મોનીકા અનિલભાઇ શીવલાની (ઉ.વ. ૩૯)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

# હળપતિ સમાજની બ્રેઈનડેડ મહિલાના અંગદાનથી પાંચ જણાને નવજીવન મળ્યું

» છત્તીસગઢના યુવાન, મહારાષ્ટ્રની મહિલામાં કિડની અને અમદાવાદની મહિલામાં લિવર ટ્રાન્સપ્લાન્ટ કરાયું



હળપતિ સમાજની નવસારીની બ્રેઈનડેડ મહિલાના પરિવારે તેણીના અંગોનું દાન કરી પાંચ જણાને નવજીવન આપ્યું છે. મહિલાની બે કિડની છત્તીસગઢના યુવાન, મહારાષ્ટ્રની મહિલામાં કિડની અને લિવર અમદાવાદની મહિલામાં ટ્રાન્સપ્લાન્ટ કરાયું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ નવસારીના ઇંટાળવા ગામની વની ગજરાબેન ભાણાભાઈ હળપતિ (ઉં.વ.૫૫) ગત તા. ૨૭મીએ સવારે બાથરૂમમાં ગયા હતા, ત્યારે અચાનક બેભાન થઈ ગયા હતા. ગજરાબેનને પ્રથમ સારવાર અર્થે નવસારી બાદ સુરત સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. સીટી સ્કેનમાં ગજરાબેનની મગજની નસ ફાટી ગઈ હોવાનું નિદાન થયું હતું. ત્યારબાદ ગજરાબેનને ન્યૂરોફિઝિશિયન ડૉ. પરેશ ઝાંઝમેરા અને ન્યૂરોસર્જન ડૉ. મેહુલ મોદીએ બ્રેઈનડેડ ઘોષિત કર્યા હતા.

ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાએ તેમની ટીમ સાથે સિવિલમાં આવી ગજરાબેનના પરિવારને અંગદાનનું મહત્વ સમજાવ્યું હતું, ત્યારબાદ પતિ ભાણાભાઈ, પુત્ર સંજય અને પુત્રી તથા ગજરાબેનના અંગોનું દાન કરવા માટે સંમતિ આપી હતી. તેમના બંને ચક્ષુ સુરત સિવિલના ડોક્ટરોએ સ્વીકાર્યા હતા. જ્યારે એક કિડની છત્તીસગઢ, રાયપુરના છોટુ પટેલ (ઉં.વ.૩૩), બીજી કિડની મહારાષ્ટ્રની રેખા ગુપ્તા (ઉં.વ.૩૮) અને લિવર અમદાવાદની મોનિકા શિવદાસાની (ઉં.વ.૨૯)માં ટ્રાન્સપ્લાન્ટ કરાયું હતું. સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી ડોનેટ લાઈફ દ્વારા ૨૨૧ કિડની, ૮૮ લિવર, ૧૪ હૃદય, ૪ પેન્ક્રિયાસ અને ૧૮૯ ચક્ષુ દાનમાં મેળવી ૫૧૬ લોકોને નવજીવન અને નવી રોશની આપવામાં આવી છે.

# હળપતિ પરિવારની મહિલાનાં અંગદાનથી પાંચને નવજીવન

(પ્રતિનિધિ દ્વારા) સુરત, શુક્રવાર

નવસારીની વૃધ્ધાના અંગદાનથી પાંચ વ્યક્તિઓને નવજીવન અને નવી રોશની મળશે.

## નવસારીમાં રહેતા ૫૫ વર્ષીય ગજેરાબેન ભાણાભાઈ હળપતિની કિડની, લીવર અને આંખોનું દાન કરાયું

નવસારીમાં ઇંટાળવા ગામના ઝુંપડપટ્ટીમાં રહેતા ગજેરાબેન ભાણાભાઈ હળપતિ (ઉ.વ. ૫૫) ગઈ તા. ૨૭મી સવારે ઘરમાં બાથરૂમમાં ગયા હતા. તેમને ઉલ્ટી થતાં બેભાન થઈ જતાં સારવાર માટે નવસારી બાદ સુરત નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જ્યાં ગત તા. ૨૯મીએ તેમને ડોક્ટરે બ્રેઈન ડેડ જાહેર કર્યા હતા. ડોનેટ લાઈફની ટીમે પરિવારને ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવતા પરિવારે કિડની, લીવર અને ચક્ષુનું દાન કર્યું હતું. અમદાવાદની હોસ્પિટલની ટીમે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું હતું અને ચક્ષુદાન સિવિલના ડોક્ટરે સ્વીકાર્યું હતું.

દાનમાં આવેલી એક કિડની રાયપુર છત્તીસગઢના છોટુ ગોવિંદ પટેલ (ઉ.વ. ૩૩) અને બીજી કિડની મહારાષ્ટ્રના સાંગલીના રેખા લાલચંદ ગુપ્તા (ઉ.વ. ૩૮) અને લીવર અમદાવાદમાં મોનીકા અનિલભાઈ શીવદાસાની (ઉ.વ. ૨૯)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

# બ્રેન્ડેડ મહિલાના અંગદાનથી 5ને નવજીવન મળશે

હેલ્થ રિપોર્ટર | સુરત : નવસારીના હળપતિ સમાજના બ્રેન્ડેડ ગજરાબેન હળપતિના પરિવારે કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરી પાંચ વ્યક્તિઓને નવજીવન અને નવી રોશની આપી માનવતાની મહેક પ્રસારી સમાજને નવી દિશા બતાવી છે.

## કિડની, લીવર અને ચક્ષુઓના દાનથી 5 વ્યક્તિના જીવનમાં નવી રોશની મળી

નવસારી જિલ્લાના ઇંટાળવાગામે ઓઠી ફળિયામાં રહેતા ગજરાબેન ભાણાભાઈ હળપતિ (ઉ.વ 55) 20મીએ સવારે 11 કલાકે બાથરૂમમાં ઉલ્ટી થતાં બેભાન થઈ ગયા હતા. નવસારી બાદ સુરત સિવિલમાં દાખલ કરાતા મગજની નસો ફાટી ગઈ હોવાનું સિટી સ્કેન રિપોર્ટમાં બહાર આવ્યું હતું. ગજરાબેનને બ્રેન ડેડ જાહેર કરાતા ડોનેટ લાઇફની ટીમે ગજરાબેનના પરિવારજનોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું હતું. જેથી પરિવારના સભ્યો અંગદાન માટે રાજી થતા બ્રેનડેડ ગજરાબેનની કિડની, લીવર અને ચક્ષુઓનું દાન કરાયું હતું. દાનમાં મેળવવામાં આવેલી એક કિડની રાયપુર છત્તીસગઢના રહેવાસી છોટુ ગોવિંદભાઇ પટેલ (ઉ.વ33)માં અને બીજી કિડની ધાણે, મહારાષ્ટ્રની રહેવાસી રેખા લાલચંદભા ગુપ્ત. (ઉ.વ 38)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લિવર અમદાવાદના રહેવાસી મોનીકા અનિલભાઇ શીવલાની (ઉ.વ 39)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

### 512 વ્યક્તિઓને નવજીવન મળ્યું

ડોનેટ લાઇફ દ્વારા ઓર્ગનદાનનું મહત્વ સમજાવીને અત્યાર સુધીમાં 512 વ્યકતિઓને નવજીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મેળવી છે, ડોનેટ લાઇફ દ્વારા 221 કિડની, 88 લીવર, 6 પેન્ક્રીઆસ, 14 હૃદય અને 186 ચક્ષુઓનું દાન મેળવ્યું છે.